Monday
28.09.2026
*Volume :11 * Issue No.86
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત

# કમલમ્

KAMALAM

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

Daily

વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહ કેરળના કોલ્લમ ખાતે માતા અમૃતાનંદમયીજીના ૭૩મા જન્મજયંતી મહોત્સવમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા

**કોઈ સંવેદનહીન વ્યક્તિ પણ જ્યારે આ સ્થાનની મુલાકાત લે છે, ત્યારે અમ્મા દ્વારા કરવામાં આવેલી સેવા પ્રત્યે કૃતજ્ઞતાની લાગણીથી ભરાઈ જાય છે**

## કોલ્લમના એક ગરીબ ગામમાં જન્મેલા અમ્માએ લાખો લોકોના જીવનમાંથી અભાવ, દુઃખ અને નિરાશા દૂર કરી અને અસંખ્ય જીવો માટે મુક્તિનો માર્ગ મોકળો કર્યો



કમલમ્,

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહ કેરળના કોલ્લમ ખાતે માતા અમૃતાનંદમયીજીના ૭૩મા જન્મજયંતી મહોત્સવમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. પોતાના સંબોધનમાં કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે અમ્માની ઉપસ્થિતિમાં હોવાથી વ્યક્તિ સાંસારિક તમામ જવાબદારીઓથી પર થઈને માનવ હોવાનો સાચો અર્થ સમજી શકે છે. તેમણે કહ્યું કે કોઈ સંવેદનહીન વ્યક્તિ પણ જ્યારે આ સ્થાનની મુલાકાત લે છે, ત્યારે અમ્મા દ્વારા કરવામાં આવેલી સેવા પ્રત્યે કૃતજ્ઞતાની લાગણીથી ભરાઈ જાય છે.

આપણે અમ્માની જન્મજયંતી-જે 'વિશ્વ સેવા દિનમ' તરીકે ઉજવાય છે- તેને પૂરા દિલથી ઉજવી રહ્યા છીએ. જેણે પાંચ દાયકાથી પીડિતોના આંસુ લૂછવાને પોતાની સાધના અને ધર્મ બનાવ્યો છે તેની ઉજવણી ખરેખર સેવાના રૂપમાં હોવી જોઈએ. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે વ્યવસ્થાઓ સમાજને ટકાવી રાખે છે, પરંતુ કરુણા-જે અમ્માનું સાક્ષાત સ્વરૂપ છે-તે તેને એકબીજા સાથે જોડી રાખે છે. અમ્મા જેવી મહાન વિભૂતિ જ માત્ર ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં લાખો લોકોને અન્યોના દુઃખોને સમજવાની બુદ્ધિ અને અનુભૂતિ આપે છે. અમ્માના સ્પર્શે વિશ્વભરના લાખો લોકોમાં એવો ઊંડો અહેસાસ જગાડ્યો છે કે તેઓ તેમના દુઃખમાં એકલા નથી; પરંતુ અમ્મા તેમની સાથે ઊભા છે. કેન્દ્રીય ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે તેમને ૨૭ સપ્ટેમ્બર ૨૦૧૫, ૩ એપ્રિલ ૨૦૧૯ અને ૪ જૂન ૨૦૨૩ ના રોજ અમ્માને મળવાનું સૌભાગ્ય મળ્યું હતું. તેમણે કહ્યું કે 'વિશ્વ સેવા દિનમ' પર અમ્માના આશીર્વાદ મેળવવો એ તેમના જીવનની એક મોટી ઉપલબ્ધિ છે. તેમણે સૌથી પહેલા ૨૦૦૧ માં ગુજરાતમાં આવેલા વિનાશક ભૂકંપ દરમિયાન અમ્માની કરુણા જોઈ હતી, જ્યારે તેમણે ૧,૨૦૦ સુંદર મકાનો બનાવીને આખું ગામ વસાવ્યું હતું. તેમણે ટાઉન હોલ, શૈક્ષણિક સુવિધાઓ અને આરોગ્ય સેવાઓ માટે હોસ્પિટલ જેવી આવશ્યક સુવિધાઓ પૂરી પાડીને આ વસાહતનો વિકાસ કર્યો હતો. આજે આ ગામ 'અમ્માના ગામ' તરીકે ઓળખાય છે.

શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે અમ્મા માટે 'સેવા દિવસ' ક્યારેય પૂરો થતો નથી, કારણ કે તેમની સેવા આખું વર્ષ-વર્ષના ૩૬૫ દિવસ ચાલુ રહે છે. અમ્માનો જન્મ









૨૭ સપ્ટેમ્બર ૧૯૫૩ ના રોજ કોલ્લમ જિલ્લાના પરયાકડવુ ગામમાં એક ગરીબ પરિવારમાં થયો હતો. ત્યારે કોઈ નહોતું જાણતું કે આ બાળક લાખો લોકોના જીવનમાંથી અભાવ, દુઃખ અને નિરાશા દૂર કરવાનું માધ્યમ બનશે અને અસંખ્ય જીવો માટે મુક્તિનો માર્ગ મોકળો કરશે. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીએ જણાવ્યું હતું કે જો કોઈ અમ્માના જીવનને નજીકથી જુએ, તો તેને ત્રણ પાસાઓમાં વહેંચી શકાય: ભાવ (ભક્તિ), કર્મ (કાર્ય) અને કરુણા. જન્મજાત કરુણા એ અમ્માના વ્યક્તિત્વનું મુખ્ય આકર્ષણ છે. અમ્માના આલિંગનનો આશીર્વાદ મેળવનાર કોઈપણ વ્યક્તિ જાણે છે કે તે માતા કરતાં પણ વધુ ઊંડા સ્નેહથી આત્માને ઝંકૃત કરે છે. જ્યારે દરેક વ્યક્તિ પોતાના જીવનમાં કોઈને કોઈ સમયે નિઃસ્વાર્થ સેવા કરે છે, પરંતુ બહુ ઓછા લોકો પોતાનું સમગ્ર અસ્તિત્વ તેને સમર્પિત કરે છે; અમ્માએ પોતાનું આખું જીવન નિઃસ્વાર્થ સેવામાં વિતાવ્યું છે.

ઘણા લોકોમાં સેવાની ભાવના હોવા છતાં, બહુ ઓછા લોકો આ ભાવનાને સંસ્થાકીય રૂપ આપી શકે છે; પૂજનીય અમ્માએ ન માત્ર પોતાની સેવાભાવનાને સંસ્થાકીય રૂપ આપ્યું પરંતુ તેને એક વૈશ્વિક ચળવળમાં ફેરવી દીધી. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે હાલમાં દેશભરમાં ૮૯ અમૃતા વિદ્યાલયો છે.

ગુજરાતનો ભૂકંપ હોય, સુનામી હોય, ઉત્તરાખંડની આપત્તિ હોય, વાયનાડનું ભૂસ્ખલન હોય કે કોવિડ-૧૯ થી ઉદ્ભવેલા પડકારો હોય, અમ્મા અને તેમના અનુયાયીઓએ દરેક સંકટ સમયે સેવાનું એક અનુકરણીય ધોરણ સ્થાપિત કર્યું છે. અમ્માએ ૧૦ લાખથી વધુ વૃક્ષો વાવવા અને આરોગ્ય, શિક્ષણ તથા આજીવિકાની પહેલોને પ્રોત્સાહન આપવાથી લઈને ૧૦૧ ગામોને સંપૂર્ણ આત્મનિર્ભર બનાવવા સુધીના મહત્વપૂર્ણ કાર્યો કર્યા છે. શ્રી શાહે જણાવ્યું હતું કે અમ્માએ સંયુક્ત રાષ્ટ્ર મિલેનિયમ વર્લ્ડ પીસ સમિટ અને વિશ્વ ધર્મ સંસદ જેવા વિવિધ વૈશ્વિક મંચો પર હિન્દુત્વ અને સેવાનો સંદેશ આપ્યો છે. કેન્દ્રીય ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે જ્યારે ભારતે G-20 નું અધ્યક્ષપદ સંભાળ્યું ત્યારે અમ્માએ સિવિલ-૨૦ ની અધ્યક્ષતા કરી હતી. અમ્માએ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના 'નશા મુક્ત ભારત' અભિયાનને પણ પોતાના આશીર્વાદ આપ્યા છે; આ આશીર્વાદથી સમગ્ર દેશ નશા મુક્ત બનશે અને આપણે ચોક્કસપણે આ લક્ષ્ય પ્રાપ્ત કરીશું. "સર્વજનહિતાય, સર્વજનસુખાય" ના શાસ્ત્રોક્ત મંત્રને અપનાવીને અમ્માએ પોતાનું સમગ્ર જીવન તે જ માર્ગ પર ચાલવા માટે સમર્પિત કર્યું છે.

# સરકારની યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચે તે જ અમારો સંકલ્પ: મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

**'સરકાર તમારા દ્વારે'ના સંકલ્પ સાથે ગાંધીધામમાં ૫૬ થી વધુ સેવાઓ એક જ સ્થળે ઉપલબ્ધ**







## મુખ્યમંત્રીશ્રીના હસ્તે લાભાર્થીઓને સ્થળ પર જ પ્રમાણપત્રો અને સહાયના હુકમોનું વિતરણ

કમલમ્, ભુજ

સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી સરળતાથી પહોંચે અને લોકોના પ્રશ્નોનું સ્થળ પર જ નિરાકરણ આવે તે હેતુથી કચ્છ જિલ્લાના ગાંધીધામ ખાતે મહાનગર પાલિકા દ્વારા ૧૨ તબક્કાના પ્રથમ સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને નાગરિકો સાથે સીધો સંવાદ સાધ્યો હતો.

ગાંધીધામ ખાતે સેવા સંકલ્પ અભિયાન હેઠળ આયોજિત સેવા સેતુ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીએ વિવિધ વિભાગો દ્વારા લગાવવામાં આવેલા સ્ટોલની મુલાકાત લીધી હતી

અને લાભાર્થીઓને યોજનાઓનો લાભ કેવી રીતે મળી રહ્યો છે તે અંગે લાભાર્થીઓ પાસેથી પ્રત્યક્ષ માહિતી મેળવી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ અનેક લાભાર્થીઓને પી. એમ આવાસ યોજના, પી. એમ સ્વનિધી યોજના, ફ્રી શીપ કાર્ડ, આયુષ્માન ભારત સહિતની યોજનાકીય સહાયના હુકમો અને મંજૂરી પત્રોનું વિતરણ પણ કર્યું હતું. આ સાથે મુખ્યમંત્રીશ્રીએ શ્રી રામ કૃષ્ણ સેવા ટ્રસ્ટના ઉપક્રમે દિવ્યાંગોને સાધન સહાય અર્પણ કરી હતી. આ પ્રસંગે ઉપસ્થિત લાભાર્થીઓ સાથે સંવાદ કરતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, "સરકાર સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના મંત્ર સાથે કામ કરી રહી છે. સેવા સેતુ જેવા કાર્યક્રમો દ્વારા સરકાર જાતે લોકોના આંગણે જઈને તેમના કામો કરે છે. છેલ્લા માનવીને યોજનાનો લાભ મળે અને કોઈ પણ નાગરિક સરકારી સેવાથી વંચિત ન રહે તે જ અમારો સંકલ્પ છે.

સેવા સેતુ કાર્યક્રમ એ આ દિશામાં મહત્વનું કદમ છે, જેમાં એક જ જગ્યાએ લોકોને તમામ પ્રકારની સરકારી સેવાઓ મળી રહે છે, સેવા સેતુ કાર્યક્રમમાં આવકના દાખલા, જાતિના દાખલા, આધાર કાર્ડ સુધારણા, રાશન કાર્ડ, આયુષ્માન કાર્ડ, વિધવા સહાય, વૃદ્ધ સહાય સહિતની ૫૬ થી વધુ સેવાઓ એક જ સ્થળે ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. મોટી સંખ્યામાં નાગરિકોએ આ કાર્યક્રમનો લાભ લીધો હતો અને સ્થળ પર જ તેમના પ્રશ્નોનું નિરાકરણ થતા ખુશી વ્યક્ત કરી હતી.

આ કાર્યક્રમમાં આ પ્રસંગે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર રાજ્યમંત્રીશ્રી કાંતિલાલ અમૃતિયા, ઉચ્ચ અને ટેકિનકલ શિક્ષણ રાજ્યમંત્રીશ્રી ત્રિકમભાઈ છાંગા, સાસંદશ્રી વિનોદભાઈ ચાવડા, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી પ્રભાબેન હુણ, ધારાસભ્યશ્રી સર્વે માલતીબેન મહેશ્વરી, અનિરુદ્ધભાઈ દવે, વિરેન્દ્રસિંહ જાડેજા, ગાંધીધામના મેયરશ્રી દિવ્યાબેન નાથાણી, ડેપ્યુટી મેયરશ્રી નવીનભાઈ જરૂ, કલેક્ટરશ્રી અનિલ રાણાવસિયા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ઉત્સવ ગૌતમ, ગાંધીધામ મ્યુનિસિપલ કમિશનર શ્રી બી. ડી. ડાવેરા, આગેવાનશ્રી દેવજીભાઈ વરચંદ, ધવલભાઈ આચાર્ય સહિત પદાધિકારીશ્રીઓ, જિલ્લા વહીવટી તંત્રના અધિકારીશ્રીઓ અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# પાલિતાણા ખાતે કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રીમતી નિમુબેન બાંભણિયાના અધ્યક્ષસ્થાને રાષ્ટ્રીય વયોશ્રી યોજના અંતર્ગત વરિષ્ઠ નાગરિકો માટે નિઃશુલ્ક સાધન સહાય વિતરણ કેમ્પ યોજાયો

**વડીલોના જીવનમાં સરળતા અને સ્વાવલંબન લાવવાનું સરકારનું સેવાકીય ધ્યેય : કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રીમતી નિમુબેન બાંભણિયા**

કમલમ્,

પાલિતાણા ખાતે ભારત સરકારના ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગના કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રીમતી નિમુબેન બાંભણિયાના અધ્યક્ષસ્થાને રાષ્ટ્રીય વયોશ્રી યોજના અંતર્ગત વરિષ્ઠ નાગરિકો માટે નિઃશુલ્ક સાધન સહાય વિતરણ કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં પાલિતાણા અને જેસર તાલુકાના ૯૯૧ લાભાર્થીઓને રૂ. ૯૨૮૯૮૫૬ની કિંમતના કુલ ૫૪૪૫ સહાયક સાધનોનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રીમતી નિમુબેન બાંભણિયાએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના રાષ્ટ્રસેવા અને જનસેવાના ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે સમગ્ર દેશમાં ચાલી રહેલા 'સેવા, સંકલ્પ અને સમર્પણ' અભિયાન અંતર્ગત પાલિતાણા ખાતે વરિષ્ઠ નાગરિકો માટે આ સાધન સહાય વિતરણ કેમ્પ યોજાયો છે. વડીલોને પોતાના માતા-પિતા સમાન ગણી તેમની સેવા કરવાનો અવસર મળવો એ આપણા સૌ માટે ગૌરવની બાબત છે. વડીલો પ્રત્યે સ્નેહ અને આત્મીયતા વ્યક્ત કરતાં તેમણે જણાવ્યું કે, જ્યારે કોઈ વડીલ પ્રેમથી તેમનો હાથ પકડીને બોલાવે છે ત્યારે પોતાના માતા-પિતા પ્રેમથી બોલાવતા હોય તેવી આત્મીય અનુભૂતિ થાય છે. વડીલો પ્રત્યેની આ લાગણી અને સંવેદનાને સેવા સાથે જોડીને તેમની મુશ્કેલીઓ દૂર કરી સન્માનપૂર્વકનું જીવન જીવવામાં સહાયરૂપ થવાનો આ સેવાયજ્ઞ છે. તેમણે વધુમાં જણાવ્યું કે, વધતી ઉંમર સાથે વડીલોને ચાલવામાં, સાંભળવામાં, જોવામાં તેમજ દાંત સહિતની અનેક સમસ્યાઓનો સામનો કરવો પડે છે. ઘણી વખત આર્થિક સંકડામણને કારણે તેઓ પોતાની જરૂરિયાત પણ વ્યક્ત કરી શકતા નથી. આવા સંજોગોમાં રાષ્ટ્રીય વયોશ્રી યોજના અંતર્ગત આપવામાં આવતા વ્હીલચેર, વોકર, શ્રવણયંત્ર, ઘૂંટણ-કમરના પટ્ટા અને દાંતના ચોકઠાં સહિતનાં સહાયક સાધનો તેમના જીવનમાં સરળતા, આત્મવિશ્વાસ અને સ્વાવલંબન વધારવામાં મદદરૂપ બનશે. ૯૯૧ વરિષ્ઠ નાગરિકોને મળેલી આ સહાય માત્ર સાધન નથી, પરંતુ તેમના જીવનમાં ખુશી અને નવી આશાનો ઉજાસ લાવતો સેવા સંકલ્પ છે. કેન્દ્રીય રાજ્યમંત્રીશ્રીએ વધુમાં





જણાવ્યું કે, છેલ્લા બે વર્ષથી છેવાડાના લોકો સુધી સરકારની યોજનાઓનો લાભ પહોંચાડવા સતત સેવાકીય અભિયાનો હાથ ધરવામાં આવી રહ્યા છે. દિવ્યાંગજનો માટે યોજાયેલા કેમ્પમાં આશરે અઢી હજાર લાભાર્થીઓનું એસેસમેન્ટ કરી રૂ. ૪ કરોડની વિવિધ સાધન સહાય આપવામાં આવી હોવાનું તેમણે જણાવ્યું હતું. જરૂરિયાતમંદોને સરકારની યોજનાઓનો લાભ સરળતાથી મળે તે માટે ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ, જિલ્લા વહીવટીતંત્ર અને એલિમ્કોની ટીમ દ્વારા કરવામાં આવેલા સંકલિત પ્રયાસોને તેમણે બિરદાવ્યા હતા. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના 'સૌનો સાથ, સૌનો વિકાસ'ના સંકલ્પ અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ છેવાડાના માનવીના જીવનમાં સુવિધા અને પરિવર્તન લાવવાના પ્રયાસો સતત આગળ ધપાવવામાં આવી રહ્યા હોવાનું તેમણે ઉમેર્યું હતું. આ પ્રસંગે ધારાસભ્યશ્રી ભીખાભાઈ બારૈયાએ જણાવ્યું હતું કે, વડીલોને જરૂરી સહાયક સાધનો ઉપલબ્ધ કરાવી તેમને સ્વાવલંબી બનાવવાનો આ સંવેદનશીલ પ્રયાસ છે. વિકસિત ભારતના સંકલ્પ સાથે જરૂરિયાતમંદ વ્યક્તિ સુધી સહાય પહોંચાડવાની સરકારની પ્રતિબદ્ધતાનું આ ઉત્તમ ઉદાહરણ છે. આ સાધનો વડીલોના દૈનિક જીવનમાં સરળતા લાવી તેમના આત્મવિશ્વાસ અને સ્વાવલંબનમાં વધારો કરશે. જિલ્લા કલેક્ટરશ્રી ડૉ. મનીષ કુમાર બંસલે જણાવ્યું હતું કે, વડીલોની સેવા કરવાનો અવસર એ આપણા સૌ માટે ગૌરવની બાબત છે. કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રીમતી નિમુબેન બાંભણિયાના માર્ગદર્શન હેઠળ સમગ્ર જિલ્લામાં આશરે ૧૦ હજાર વરિષ્ઠ નાગરિકોનું ઝીણવટપૂર્વક સ્ક્રીનિંગ કરી તેમની વ્યક્તિગત જરૂરિયાત અને માપ અનુસાર સહાયક સાધનોની પસંદગી કરવામાં આવી છે. જિલ્લા વહીવટીતંત્ર, સમાજ સુરક્ષા વિભાગ અને એલિમ્કોની સંકલિત કામગીરીથી જરૂરિયાતમંદ વડીલોને તેમની જરૂરિયાત મુજબનાં સાધનો મળી રહ્યા છે, જે તેમના જીવનમાં સરળતા, આત્મવિશ્વાસ અને સ્વાવલંબનનો સહારો બનશે. આ પ્રસંગે પૂર્વ ધારાસભ્ય શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા તથા આગેવાન શ્રી દિગ્વિજયસિંહ ગોહિલે પ્રસંગોચિત પ્રવચનો કર્યા હતાં. દિવ્યાંગજનોના સશક્તિકરણ માટે ADIP યોજના અંતર્ગત ભાવનગર અને બોટાદ જિલ્લાના આશરે ૨૬૦૦ લાભાર્થીઓને રૂ. ૪ કરોડથી વધુની સાધન સહાય આપવામાં આવી છે. તે જ રીતે, ભાવનગર જિલ્લામાં રાષ્ટ્રીય વયોશ્રી યોજના અંતર્ગત આશરે ૮૦૦૦ વરિષ્ઠ નાગરિકોનું એસેસમેન્ટ કરવામાં આવ્યું છે, જેમને રૂ. ૭.૬૬ કરોડની કિંમતની સાધન સહાય આપવામાં આવનાર છે. એલિમ્કો દ્વારા તૈયાર કરવામાં આવેલા વિવિધ સહાયક સાધનોમાં ૧૮૪ વ્હીલચેર, ૬૩૧ ચાલવાની લાકડીઓ (માનક, ટ્રાઈપોડ અને ક્વોડ્રિપોડ), ૮૫૦ શ્રવણ સહાય, ૧૨૫ દંતચિકિત્સા સાધનો, ૭૭૫ કટિ બેલ્ટ, ૧૭૨૮ ઘૂંટણના કૌંસ, ૬૮ ખભાના કૌંસ, ૨૩૭ વોકર્સ, ૪૩૫ સીટ ગાદી, ૩૧૩ કોમોડ સ્ટૂલ, ૯૭ સીટ સાથેની ચાલવાની લાકડીઓ અને ૦૨ ગરદનના કૌંસ સહિતનાં સાધનોનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે ઉદ્યોગપતિઓ, ગૌરક્ષા સંસ્થાના પ્રતિનિધિઓ તથા સખી મંડળની બહેનોનું સન્માન કરવામાં આવ્યું હતું. અંતમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી હનુલ ચૌધરીએ આભારવિધિ કરી હતી. પાલિતાણા હાઈસ્કૂલ ખાતે યોજાયેલા કેમ્પમાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી અશોકભાઈ લાધવા, પ્રાંત અધિકારી શ્રી પાર્થ મિશ્રા, મામલતદાર શ્રી અર્જુનસિંહ ડોડીયા, પાલિતાણા તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી મુક્તાબેન માંડાણી, જેસર તાલુકા પંચાયત પ્રમુખશ્રી, પાલિતાણા નગરપાલિકા ચેરમેન શ્રીમતી સુલોચનાબેન મકવાણા, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી શ્રી સુરેશભાઈ, એલિમ્કો ગુજરાતના ઈન્ચાર્જ શ્રી મૃદુલ અવસ્થી, પૂર્વ ધારાસભ્ય શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા, આગેવાન શ્રી દિગ્વિજયસિંહ ગોહિલ, શ્રી રાજુભાઈ ફાળકી, શ્રી ભરતભાઈ મેર, શ્રી કોમલકાંત શર્મા, શ્રી કુલદીપસિંહ સહિત જિલ્લાના અધિકારીશ્રીઓ - પદાધિકારીશ્રીઓ તેમજ પાલિતાણા અને જેસર તાલુકાના વરિષ્ઠ નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

